# એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન( સીટીઈ), પાટણ

## ‘વીમા સખી’ કાર્યક્રમ

## 21 ડિસેમ્બર 2024







એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન( સીટીઇ), પાટણના પ્રશિક્ષણાર્થીઓ માટે LIC સાથે મહિલા વીમા સલાહકાર તરીકે જોડાવાની અમૂલ્ય તક ‘વીમા સખી’ કાર્યક્રમનું આયોજન તારીખ 21 ડિસેમ્બર 2024 ના રોજ કરાયું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સીટીઇ), પાટણ ખાતે LIC ભારતની સૌથી જૂની, મોટી અને સરકારી વીમા કંપનીમાં મહિલા વીમા સલાહકાર તરીકે જોડાવાની તક એટલે વીમા સખી વિષય પર એક વ્યવસાયલક્ષી વ્યાખ્યાનનું આજરોજ આયોજન થયું.

કાર્યક્રમ NGES કેમ્પસના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સરના માર્ગદર્શન હેઠળ કાલેજના આચાર્ય શ્રી ડો. ગંગારામ એન. પ્રજાપતિની દોરવણી હેઠળ અધ્યાપક ડો. કંચન એસ. દુબે દ્વારા કરવામાં આવ્યુ. એલ. એન. કે. કોલેજ ઓફ એજયુકેશન પાટણના સભાગારમાં મંચસ્થ એલ.આઈ. સી પાટણના બ્રાંચ મેનેજર શ્રી દિલીપભાઈ કે. પટેલ સાહેબ તેમજ વિકાસ અધિકારીઓએ 57મી બેચના સેમ-1 ના પ્રશિક્ષણાર્થી બહેનોને વીમા સખી યોજનામાં જોડાવાની તક વિશે સવિસ્તાર માર્ગદર્શન આપ્યુ. આ સમગ્ર કાર્યક્રમના આયોજન અંગે માર્ગદર્શન આપવા બદલ NGESના ડાયરેક્ટર ડો. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સરનો કોલેજ પરિવાર આભાર વ્યક્ત કર્યો હતો.

ડો. કંચન એસ. દુબે

પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર